# ૧૩ આપણી લાગણીઓની ભાગીદારી !

હું સીમા. હું ત્રીજા ધોરણમાં ભણું છું. મને શાળાએથી પાછા આવીને, ઘરમાં બે માણસો સાથે વાતો કરવી ગમે છે. તેઓને મારી વાતમાં મજા પડે છે.

પહેલાં વ્યક્તિ મારાં દાદીમા છે. તે હંમેશાં મને સાંભળવા ઉત્સુક હોય છે. હું શાળાએથી આવું તેની તેઓ રાહ જુએ છે. તે ઘરડાં છે. અવારનવાર તેમને પીઠનો દુ:ખાવો રહે છે. મારા દાદી સરખું જોઈ કે સાંભળી શકતાં નથી. રોજ સવારમાં મારા પિતાજી તેઓને મોટેથી સમાચાર વાંચી સંભળાવે છે. તે બાકીનાં બધાં કામ જાતે કરે છે. જો કોઈ તેઓની મદદ કરવાની કોશિશ કરે તો દાદીમા નારાજ થઈ જાય છે. શાકભાજી સમારવાં દાદીને પસંદ છે. તેઓ કહે છે : ''આજકાલનાં છોકરાં જાણતાં જ નથી, કે શાકભાજી કેવી રીતે કપાય ?''



મને વાતો કરવી ગમે એવી બીજી વ્યક્તિ રવિ છે. તે અમારી સાથે રહે છે. હું તેઓને રવિભાઈ કહું છું. તે મારા માતાપિતાને ભાઈ-ભાભી કહે છે. મને અમારા સંબંધોની ખબર નથી. પરંતુ તે ઘણાં પ્રેમાળ છે. તે હંમેશાં મારા પ્રશ્નોના જવાબ આપવા તૈયાર હોય છે. 'હું પછી કહીશ' એમ મને ક્યારેય કહેતા નથી.

રવિભાઈ કૉલેજમાં ભણાવે છે. કૉલેજના વિદ્યાર્થીઓ તેમને ખૂબ જ માન આપે છે. રવિભાઈને સંગીત સાંભળવું ખૂબ જ પસંદ છે. તે નાટકોમાં પણ ભાગ લે છે. તેઓને તેમના મિત્રો સાથે વાત કરવી અને તેઓની સાથે બહાર જવું ખૂબ ગમે છે. તે ખૂબ રમુજી છે. અમને બધાંને ખૂબ હસાવે છે.



**વિચારો અને કહો :**

- તમારા ઘરમાં કોણ-કોણ છે ?
- ઘરના દરેક સભ્ય વિશે વિશેષ વિગત જણાવો.

### સીમાના ભાઈની વાત :

મારા ભાઈ જ્યારે બહાર જાય ત્યારે સફેદ લાકડી રાખે છે. તેમને ઘરમાં ફરતાં જોઈ, કોઈ કહી શકે નહિ કે તેઓ દેખી શકતા નથી. તેમને તેમનાં બધાં કામ જાતે જ કરવાં ગમે છે. જો કોઈ તેમની ઈચ્છા વિરુદ્ધ તેમની મદદ કરે તે એમને ગમતું નથી. જ્યારે પણ એમને મદદ જોઈએ, ત્યારે તેઓ મદદ માટે કહે જ છે.

ભાઈના થોડા વિદ્યાર્થીઓ તેમની પાસેથી પુસ્તકો લઈ જાય છે. આ પુસ્તકને વાંચી અવાજ રેકોર્ડ કરી ભાઈને આપી જાય છે. રવિભાઈ આ સાંભળે છે. ભાઈ પાસે બીજાં ઘણાં બધાં પુસ્તકો છે. આ પુસ્તકોનાં પાનાં જાડા અને તેમાં ઊપસેલાં ટપકાંઓની હાર છે. તે ઊપસેલાં ટપકાંઓ ઉપર આંગળીઓ ફેરવીને વાંચે છે.

ઘણી વાર ભાઈ સાથે મજાક કરવા, હું તેમની લાકડી મૂકવાની જગ્યા બદલી નાખું છું. તે અકળાય છે, પરંતુ ગુસ્સો કરતા નથી. કારણ, હું એમની નાની બહેન છું.

હું હજુ ઘરમાં પહોંચું, ત્યાં ભાઈ બોલ્યા : ‘સીમા, આજે તું ખૂબ જ ખુશ જણાય છે!’

ભાઈ ફક્ત મને જ નહિ, પરંતુ કુટુંબના બધાં સભ્યોને તેમના હલનચલનના અવાજથી ઓળખી જાય છે. તેઓ હલન ચલન અને અવાઝથી એ પણ કહી શકે છે કે ઘરમાં કોણ ખુશ છે કે નાખુશ.

મેં ભાઈને કહ્યું : ‘ભાઈ આખરે હું ફૂટબૉલની ટીમમાં પસંદ થઈ છું.’ તેઓએ મને શાબાશી આપી અને પ્રેમથી કહ્યું : ‘આજથી તું મને ફૂટબોલની તાલીમ આપનાર કોચ છે.’

### વિચારો અને લખો :

- સીમાના પિતા દાદી માટે સમાચારપત્ર મોટેથી વાંચે છે. તમે ઘરડાં માણસોની મદદ કેવી રીતે કરો છો ?

______________________________

- ઘડપણમાં લોકોને કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે ?

______________________________

બાળકો વાર્તામાં રસ લે છે. આ વાર્તાનાં પાત્રોની ચર્ચાથી બાળકોને બધી જાણ કરી શકાય છે.

❊ રવિભાઈ ઘણી બધી વસ્તુઓ જોયા વગર કેવી રીતે જાણી લેતા હશે ?

---

❊ તમને ક્યારેય લાકડીની જરૂર પડી છે ? ક્યારે ?

---

❊ તમે ક્યારેય વિચાર્યું છે કે તમને લાકડીની જરૂર ક્યારે-ક્યારે પડી શકે છે ?

---

❊ જે લોકો જોઈ શકતાં નથી, તેમને આપણે કેવી રીતે મદદ કરી શકીએ ?

---

---



## યાદ કરો અને કહો :

શું તમારા કુટુંબના સભ્યોમાં એવું છે - જે સાંભળી, બોલી કે જોઈ શકતા ન હોય ? આવી કોઈ વ્યક્તિને તમે જાણો છો ? તેઓને તેમના કામમાં લોકો કેવી રીતે મદદ કરે છે ?

તમે વાર્તામાં વાંચ્યું કે રવિભાઈ જોઈ શકતાં નથી, પરંતુ તેઓ તેમનાં બધાં જ કામ જાતે કરે છે. તેઓ અલગ પ્રકારના પુસ્તકોથી ભણે છે. તેઓ કેવી રીતે તેમનાં કામ કરી શકે છે, તે સમજવા તમારી આંખો બંધ કરો અને આ રમત રમો.



## આંખે પાટા :

જૂથમાં કોઈ એક બાળકને આંખે પાટા બાંધી દો. એક પછી એક બીજાં બાળકો તેની સામે શાંતિથી આવશે. આંખે પાટા બાંધેલ બાળકે બીજાં બાળકોને સ્પર્શ કરીને એ કોણ છે તે કહેવાનું છે. કોઈ પણ અવાજ ન થાય તેનું ધ્યાન રાખવું.

આ રીતે બીજાં બાળકોને પણ એક પછી એક, આંખે પાટો બાંધો. દરેક બાળકને સ્પર્શ કરી બીજું બાળક કોણ છે તેનું અનુમાન કરાવવાનું છે.

---

આપણે બીજાંની મુશ્કેલીઓમાં આપણી જાતને તેઓની જગ્યાએ રાખી સારી રીતે સમજી શકીએ છીએ.

## ચર્ચા કરો અને કહો :

- કેટલાં બાળકો બીજાં બાળકોને સ્પર્શ દ્વારા ઓળખી શકે છે ?
- કેટલાં બાળકો બીજાં બાળકોને ફક્ત સાંભળીને ઓળખી શકે છે ?
- સામેની વ્યક્તિને ઓળખવા તમને આ બે-માંથી શું સરળ લાગે છે ?

## વિચારો અને કહો :

- તમારા મોંમાં કેટલા દાંત છે ?
- વર્ગમાં કયા બાળકને સૌથી વધારે દાંત છે ?
- તમે ફક્ત સ્પર્શ દ્વારા કેટલી વસ્તુઓ ઓળખી શકો છો ?
- કયા માણસોને તમે તેઓના ચાલવાના અવાજ દ્વારા ઓળખી શકો છો ?
- તમે સુગંધ દ્વારા કોઈ વ્યક્તિ તમારી નજીકમાં છે, એ અનુમાન કરી શકો ?
- તમારી આંખો બંધ કરો અને સાંભળો. તમને કયો અવાજ સંભળાય છે ?

જે લોકો જોઈ શકતાં નથી, તેઓના માટે વાંચવાની ને લખવાની એક વિશેષ રીત છે. તેને **'બ્રેઈલ લિપિ'** કહે છે. તે જાડા પેપર ઉપર ઊપસેલા બિંદુઓની હારથી લખેલી હોય છે. બ્રેઈલ લિપિ ઊપસેલા બિંદુઓ ઉપર આંગળી ફેરવીને વાંચવામાં આવે છે.

**આટલું કરો :** જોયા વગર આકાર ઓળખવો મુશ્કેલ છે કે સરળ છે ?

એક કાચપેપર લો. તેના ઉપર જાડું ઊન અથવા જાડો દોરો દબાવી આકાર બનાવો. આ આકાર ઉપર મિત્રને આંખો બંધ કરી, કાગળ ઉપર હાથ ફેરવવા કહો. આ રીતે આકારની ઓળખ મુશ્કેલ છે કે સરળ ? તમારા મિત્રને પૂછો.

- તમારા મિત્રને આ જ રીતે કાગળ ઉપર આકાર બનાવવા કહો. હવે તમે તમારી આંગળીઓથી તે ઓળખો.


કાગળનો જાડો ટૂકડો લો. તેના ઉપર સોય અથવા પેન્સિલની મદદથી લીટી બનાવો. લીટી ઉપર નાના અંતરે બિંદુઓ બનાવો. તમે જોઈ શકો છો કે, કાગળ પાછળની બાજુ ઊપસી આવશે. હવે, તમારા મિત્રને આંખો બંધ કરી અને તેના ઉપર આંગળી ફેરવી તમે કયો


આકાર બનાવેલ છે તે જણાવવા કહો. આ રીતે આકારની ઓળખ સરળ છે ?

વિચારો, જે લોકો જોઈ શકતાં નથી, તેઓ કેવી રીતે વાંચી શકતાં હશે ?

## ચાલો, બ્રેઈલ લિપિ વિશે જાણીએ :

તમે જોયું કે, રવિભાઈ વિશેષ પ્રકારનાં પુસ્તકો વાંચે છે. આ પુસ્તકો કેવી રીતે બને છે ? આ પુસ્તકોનો સૌ પ્રથમ વિચાર કોણે કર્યો ? આપણે તેના વિશે જાણીએ.



બોલવા ઉપરાંત અભિનય કે ઈશારા દ્વારા આપણે સંવાદ કરીએ છીએ.
વર્ગમાં બોલ્યા વગર વાત કરવાની પ્રવૃત્તિનું આયોજન કરવું.

લુઈઝ બ્રેઈલ ફ્રાન્સના હતા. તેઓ જ્યારે ત્રણ વર્ષના હતા ત્યારે તે તેમના પિતાજીનાં ઓજાર સાથે રમત કરતા હતા. એકાએક, કોઈ અણીદાર સાધન તેમની આંખોને વાગ્યું. તેમણે આંખો ગુમાવી. લુઈઝ બ્રેઈલને ભણવામાં ખૂબ જ રસ હતો. દેખાતું ન હતું છતાંય તેમણે હાર ન માની. તેઓ વાંચવા અને લખવા માટે અલગ-અલગ રીતે વિચારવા લાગ્યા. તેઓને જણાયું કે, સ્પર્શ અને અનુભવથી વાંચી શકાય છે. આખરે તેઓને રસ્તો મળ્યો. વાચવા, લખવાની આ રીતને **બ્રેઈલ લિપિ** તરીકે ઓળખીએ છીએ.

આ પ્રકારની લિપિમાં જાડા કાગળ ઉપર ઊપસેલા બિંદુઓની હાર બનાવવામાં આવે છે. તેના પર આંગળી ફેરવી વાંચી શકાય છે. આ લિપિ છ બિંદુઓ પર આધારિત છે. બ્રેઈલ લિપિમાં હાલના સમયે ઘણાં ફેરફાર થઈ રહ્યાં છે. આનાથી વાંચવું અને લખવું સરળ બનશે. બ્રેઈલ હવે કમ્પ્યૂટરની મદદથી પણ લખી શકાય છે.

જો તમે બાળકોને બ્રેઈલ લિપિમાં લખાયેલું સાહિત્ય બતાવો તો તેઓ વધુ સારી રીતે સમજી શકશે.